# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રીએ સૌરાષ્ટ્રને 4 હજાર 800 કરોડ રૂપિયાના વિકાસકાર્યોની ભેટ આપતા કહ્યું કે, નવી યોજનાઓ લોકજીવનને સરળ બનાવીને વિકાસને નવી ગતિ આપશે
2) પ્રવાસીઓ માટેના નવીન આકર્ષણ એવા 'બરડા જંગલ સફારી' ફેઝ-વનનો આજથી આરંભ થશે
3) અમદાવાદમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાના હસ્તે યુવાનોને નિમણૂકપત્રો એનાયત થશે.
4) આજે ધનતેરસ નિમિત્તે રાજ્યભરમાં ભગવાન ધન્વંતરિનું પૂજન થશે. રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની પણ ઉજવણી
5) **ભારત અને ન્યૂ ઝિલેન્ડ મહિલા વન-ડે ક્રિકેટની ત્રીજી અને અંતિમ મેચ આજે અમદાવાદમાં રમાશે**

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# AMRELI PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમરેલીથી સૌરાષ્ટ્રને દિવાળીના પર્વ પૂર્વે 4 હજાર 800 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ આપી હતી..

પ્રધાનમંત્રીએ અમરેલીના દુધાળા ગામે ભારત માતા સરોવરનું લોકાર્પણ કરી ગુજરાતમાં જન ભાગીદારીથી જળસંચયના પ્રોજેક્ટને વેગ આપ્યો હતો. તેમણે વિવિધ વિકાસ પરિયોજનાઓના લોકાર્પણ અને ખાતમૂહુર્ત પ્રસંગે કહ્યું હતું કે નવા વિકાસ પ્રોજેક્ટ લોક જીવનને આસાન બનાવીને વિકાસને નવી ગતિ આપશે. તેમણે ઉમેર્યું હતું કે દુનિયામાં આજે ભારતના સામર્થ્ય ની ચર્ચા ચાલી રહી છે તેમજ અનેક દેશો ભારતમાં વધુ રોકાણ કરવા આતુર: ગુજરાતમાં નવા વિકાસ પ્રોજેક્ટથી પ્રવાસન અને લઘુ ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રે રોજગારીના અવસરો મળશે તેવો પણ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો..

કવિ કલાપીની આ સાહિત્ય વિરાસતને સાકાર કરતા ભારતમાતા સરોવર જેવા તળાવો થકી પક્ષીઓ વધુ આનંદિત થશે તેમ પણ તેમણે ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા તૈયાર થયેલા ભારત માતા સરોવરના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું. સૌની યોજનાનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું હતું કે નર્મદાનું પાણી આજે સૌરાષ્ટ્રના ગામડાઓમાં પહોંચ્યું છે.

---------------------------------------------------------------------

- પીટીસી- અમરેલી – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# GIR

સાસણ ગીર બાદ હવે 'એશિયાઈ સિંહો'નું બીજું નવું રહેઠાણ - 'બરડા વન્યજીવ અભયારણ્ય બન્યું છે.

દેશભરના પ્રવાસીઓ માટેના નવીન આકર્ષણ એવા 'બરડા જંગલ સફારી' ફેઝ-૧નો વન-પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે આજથી આરંભ થશે. દેવભૂમિ દ્વારકાના કપુરડી ચેક પોસ્ટ ખાતે બપોર આ કાર્યક્રમ યોજાશે. બરડા પ્રદેશના ઊંચા નીચા ડુંગર- ટેકરીઓથી સુસજ્જિત આશરે ૧૯૨ ચોરસ કિલોમીટર વિસ્તાર અભયારણ્ય માટે આરક્ષિત છે. ત્યારે આ અભયારણ્યમાં ૩૬૮ વનસ્પતિની પ્રજાતિ જેમાં સૌથી વધુ ૫૪ ટકા ક્ષુપનું પ્રમાણ જોવા મળે છે

આ અભયારણ્યમાં સિંહની સાથે દીપડા, જંગલી બિલાડી, ઝરખ, નોળિયો, વીંજનાનું વણીયર, શિયાળ, લોંકડી, સસલા વગેરે વન્યજીવોનું રહેઠાણ પણ છે. લગભગ ૧૪ દાયકા પછી આ જંગલના વિસ્તાર ફરી એક વખત એશિયાઇ સિંહોની હાજરી જોવા મળી છે.

બરડા જંગલ સફારીમાં ભાણવડ -રાણાવાવ તેમજ બરડા વન્યપ્રાણી અભયારણ્યના સૌથી મનોહર વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સફારી દ્વારા પ્રવાસીઓ બરડા વન્યજીવ અભયારણ્યની સમૃદ્ધ જૈવવિવિધતાનો રોમાંચક અનુભવ કરશે. આ સફારી ટ્રેઇલ કીલગંગા નદીના સાનિધ્યમાંથી પસાર થાય છે.

સફારી પરમિટ મેળવવા માટે પ્રવાસીઓએ ટિકિટ બારી પર અગાઉથી બુકિંગ કરાવવું ફરજીયાત છે. આગામી સમયમાં આ પરમિટ માટે ઓનલાઇન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ થશે, જેથી પ્રવાસીઓ વધુ સરળતાથી અને આગોતરું આયોજન કરી શકશે.

---

- અખબારી યાદી—હર્ષલ પંડ્યા -(NAVIN)

# ROJGAR MELO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નવનિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી સંબોધન પણ કરશે.

દેશભરમાં અમદાવાદ સહિત 40 જેટલા સ્થળોએ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવશે, જેમાં વિવિધ મંત્રાલયો અને વિભાગો જેમકે રેવન્યુ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગૃહ મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય સહિતમાં નવા કર્મચારી કેન્દ્ર સરકારમાં જોડાશે.અમદાવાદમાં સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા ઉપસ્થિત રહશે અને નિમણૂંક પત્રોનુ વિતરણ કરશે

---

- અપર્ણા ખૂંટ, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# Dhanteras

આજે ધનતેરસ નિમિત્તે અમદાવાદ સહિત રાજ્યમાં ભગવાન ધન્વન્તરીની પૂજા યોજાશે. ભાવનગર સહિત રાજ્યના વિવિધ શહેરોમાં ધનવંતરી ભગવાનની મહાપૂજાનું આયોજન કરાયું છે.

ધન્વંતરી ભગવાનની મહાપુજા, અભિષેક, મહાઆરતી, અમૃત કળશકુંભ સ્થાપના, પાટોત્સવ, વિષ્ણુયજ્ઞ તથા મહાનુભાવોનું સન્માન સહિતના ધન્વંતરી વંદનાના ધાર્મિક કાર્યક્રમો ઉજવાશે.

ધનતરેસની સાથોસાથ આજે રાષ્ટ્રભરમાં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી કરવામાં આવશે. જેમાં ગાંધીનગર જિલ્લામાં થનાર વિવિધ કાર્યક્રમો અંગે માહિતી આપતા જિલ્લા આયુષ અધિકારી ભાવનાબેન પટેલ

## બાઈટ -ભાવનાબેન પટેલ, આયુર્વેદિક ઓફિસર

---------------------------------------------------------------------

- પીટીસી- ભાવનગર.. ડેસ્ક ...હર્ષલ પંડ્યા

-(NAVIN)

# RAJKOT DIWALI UTSAV

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવાળીના પર્વ નિમિત્તે તા. ૩૧ ઓક્ટોબર સુધી ભવ્ય "દિવાળી ઉત્સવ" નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે રેસકોર્સ રીંગ રોડ ખાતે રંગોળી સ્પર્ધા અને આવતીકાલે સાંજે ૭:00 કલાકે શ્રી માધવરાવ સિંધીયા ક્રિકેટ સ્ટેડિયમ રેસકોર્ષ ખાતે ભવ્ય આતશબાજી યોજાશે

આ ઉત્સવમાં તા. ૨૯મી થી ૩૧ મી ઓક્ટોબર દરમિયાન લેસર શો, આકર્ષક થીમ બેઈઝ લાઇટીંગ ડેકોરેશન અને રંગોળી સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર જેવા વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવશે.

------------------------------------------------------------------------

- પીટીસી- રાજકોટ – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# GPSC

ગાંધીનગર સ્થિત ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ તરીકે પૂર્વ આઇપીએસ હસમુખ પટેલની નિમણૂંક કરાઇ છે.. તેઓ રાજ્ય પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હતા. આ અંગે બોલતા તેમણે જણાવ્યું હતું કે ગુજરાત જાહેર સેવાની જવાબદારી મળી છે. જેમાં વફાદારી થી કામ કરીશું. પોલીસ ભરતી બોર્ડમાંથી હવે રાજીનામુ આપવાનું રહે છે અને નવી જવાબદારી અગિયાર નવેમ્બરથી સંભાળીશ

## બાઈટ -હસમુખ પટેલ ,અધ્યક્ષ પોલીસ ભરતી બોર્ડ

------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# NCB CHARS SEIZER

ગુજરાત સરકાર દ્વારા નશાકારક દ્રવ્યોને ઝડપવા માટે અભિયાન આરંભવામાં આવ્યું છે. આક્રમક રીતે શરૂ કરાયેલા આ અભિયાનને કારણએ નશાબંધી બ્યુરોની ગુજરાત શાખા દ્વારા 10 કિલો ચરસ સાથે ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. રાજસ્થાનથી એક મહિલા સહિત ત્રણ વ્યક્તિઓ ચરસના જથ્થા સાથે ગુજરાત આવી રહ્યાં હોવાની એનસીબીને બાતમી મળી હતી. આ બાતમીના આધારે અડાલજ પાસેથી ત્રણની ચરસના જથ્થા સાથે ધરપકડ કરાઇ હતી. એનસીબીએ આ ત્રણે આરોપીઓની પૂછપરછ શરૂ કરી છે ગુજરાતમાં અગાઉ આ ત્રણે આરોપીઓ દ્વારા નશાકારક દ્રવ્યોનો જથ્થો અન્ય સ્થળે પહોંચાડ્યો છે કે નહી અને આ ચરસનો જથ્થો કોને અને ક્યાં મોકલવાનો હતો તેની માહિતી મેળવવાનો પ્રયાસ હાથ ધરાયો છે.

----------------------------------------------------------------------

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા -(NAVIN)

# INDIA NZ WOMEN CRICKET

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ન્યૂ ઝિલેન્ડ સામેની શ્રેણીની ત્રીજી અને અંતિમ વન-ડે મેચ આજે અમદાવાદમાં રમશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યઆ મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે. ત્રણ મેચની શ્રેણીમાં અગાઉ બંને ટીમ એક-એક મેચ જીતી લીધી છે.

આ પહેલા રવિવારે રમાયેલી મેચમાં ન્યૂ ઝિલેન્ડે ભારતને 76 રનથી પરાજય આપ્યો હતો. ન્યૂ ઝિલેન્ડે ટોસ જીતીને પહેલા બેટિંગ કરતાં નવ વિકેટ ગુમાવી 259 રન બનાવ્યા હતા. જ્યારે ભારતીય ટીમ 183 રનમાં જ ઑલ-આઉટ થઈ ગઈ હતી.

---------------------------------------------------------------------

- **(POOL – PRAVESH)**

-(NAVIN)

# PM Kisan Yojana

પીએમ કિસાન  યોજનામાં રજીસ્ટર થયેલા ખેડૂત લાભાર્થીઓ માટે ૧૯માં હપ્તાની ચૂકવણી માટે આગામી ૨૫ નવેમ્બર સુધીમાં ઈ-કે.વાય.સી અને આધાર સીડિંગ - ડી.બી.ટી એનેબલ, લેન્ડ સીડીંગ તથા ખેડૂત આઈ.ડીની નોંધણી કરાવવી ફરજીયાત છે.

કિસાન સમ્માન નિધિ લાભાર્થીઓની ચકાસણીની કાર્યવાહી આગામી ૨૫ નવેમ્બર સુધી ચાલુ છે. સરકાર દ્વારા છેલ્લા સાત હપ્તાથી તબક્કાવાર ઈ-કેવાયસી તથા ખેડૂત આઈ. ડીની નોંધણી ફરજીયાત કરવામાં આવી છે.

નોંધણી માટેના જરૂરી દસ્તાવેજોની સત્વરે ચકાસણી કરાવવી ફરજિયાત હોય માટે તમામ લાભાર્થીઓએ તે સત્વરે નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે, તેમ ખેતી નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

-----------------------------------------------------------------

- યાદી /સિમ્પલ

-(NAVIN)